મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીઓનું PPP(પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) ધ્વારા તે જ સ્થળે પુનઃવસન કરવા માટેની નીતિ

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરસી/૧૦૨૦૧૩/૭૮૩/થ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ- ૧૮ /૭/૨૦૧૩

<u>સંદર્ભ:-</u>

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના તા.૪/૩/૨૦૧૦ હુકમ ક્રમાંક: પરચ/૧૦-૨૦૦૯/૩૫૭૨/લ.

<u>આમુખ:-</u>

ઝૂંપડાવાસીઓના પુનઃ વસન અને પુનઃ વિકાસ માટેના વિનિયમો-૨૦૧૦ અંતર્ગત સંદર્ભ-(૧) ના હુકમથી નીતિ નકકી કરવામાં આવેલ હતી. આ નીતિમાં ફેરફાર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. શહેરી ગુજરાતને ઝૂંપડપટ્ટી મુકત બનાવવાનો સંકલ્પ કેન્દ્રમાં રાખી ગુજરાત સરકાર ધ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૨મી પંચવર્ષિય યોજના દરમિયાન મુખ્ય મંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજનાની જાહેરાત કરવામાં આવી છે. શહેરી વિસ્તારમાં અંદાજિત જે સાત લાખ કુટુંબો ઝૂંપડાઓમાં વસે છે તેઓનું તે જ સ્થળે પુનઃવસન કરવાની નીતિને અગ્રતા આપવાની રાજય સરકારની નેમ છે. ૭ લાખ ઝૂંપડાવાસી કુટુંબોને લઘુત્તમ ૨૫ ચો.મી. સુધીના કારપેટ વિસ્તાર અને તમામ મૂળભૂત સુવિધાઓવાળા મકાનો મફતમાં ઉપલબ્ધ કરાવવા અંગેની નીતિ ધ્વારા રાજય સરકારનું પ્રયોજન નીચે મુજબના ધ્યેય સિધ્ધ કરવાનું છે.

૧. રાજયના શહેરી વિસ્તારોમાં આવેલી ઝૂંપડપટ્ટીઓનું પુનઃસ્થાપન તે જ સ્થળે (In - Situ) કરવું

૨. ઝૂંપડપટ્ટીમાં વસતા કુટુંબોને પ્રાથમિક સુવિધાઓ સાથેના બે રૂમ, રસોડું, બાથરૂમ અને જાજરૂવાળું મકાન ઉપલબ્ધ કરાવવું.

૩. ૧૫ વર્ષ પછી લાભાર્થીને આ મકાનનો માલિકી હકક આપવો.

૪.	શહેરી ગરીબોની જીવનશૈલી સ્વચ્છ અને સ્વાસ્થ્યપ્રદ બનાવવી.

૫.	રાજયના શહેરોના સામાજિક, આર્થિક અને પર્યાવરણમાં ગુણાત્મક સુધાર કરવો.

૬.	આ હેતુ માટે "પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ" ધ્વારા ખાનગી મૂડી રોકાણને આકર્ષવું.

૭.	હાલના હયાત સ્થળે (In – Situ ) પુનઃવસન માટે સરળ અને પારદર્શક નીતિના માળખાનું ઘડતર કરવું.

<u>ઠરાવઃ-</u>

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનઃવિકાસ) અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૫૮ (૨) (ધ) હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાને અનુલક્ષીને રાજય સરકાર ધ્વારા નીચે મુજબની જાહેર જમીન પર આવેલ ઝૂંપડપટ્ટીઓનું ખાનગી વિકાસકારની ભાગીદારીથી પુનઃવસન નીતિને અનુસરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧.	ઝૂંપડપટ્ટી (ગંદા વસવાટ વિસ્તાર)- આ નીતિ અંતર્ગત નિયત કરેલ સત્તા મંડળને એવી ખાતરી થાય કે –

(ક)	કોઇ વિસ્તાર નીચાણવાળો, અસ્વચ્છ, ગંદો, ગીચોગીચ હોવાને લીધે અથવા અન્યથા તે વિસ્તારના અથવા તેની પડોશના રહેવાસીઓના આરોગ્ય, સલામતી અથવા નીતિમત્તાને તે ભયરૂપ છે, અથવા

(ખ)	માનવ વસવાટ માટે વપરાતા અથવા વાપરવા ધારેલા કોઇ વિસ્તારમાંના મકાનો-

(૧)	માનવ વસવાટ માટે કોઇ પણ રીતે અયોગ્ય છે, અથવા

(૨)	આવા મકાનોની બિસ્માર હાલત, ગીચતા, ખામી ભરેલી ગોઠવણી અને રચનાને કારણે, રસ્તાની સંકડાશ અથવા ખામી ભરેલી ગોઠવણીને કારણે, હવા-ઉજાસ, પ્રકાશ અથવા સફાઇ સગવડના અભાવને અથવા આ બધા કારણે સલામતી, આરોગ્ય અથવા નીતિમત્તાને હાનિકારક છે,

ત્યારે તે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આવા વિસ્તારને ઝૂંપડપટ્ટી (ગંદા વસવાટના વિસ્તાર) તરીકે જાહેર કરી શકશે.

(ગ)	કોઇ મકાન આ અધિનિયમના હેતુઓ માટે, માનવ વસવાટ માટે અયોગ્ય છે કે કેમ તે નકકી કરતી વેળા, નીચેની બાબતોના સંબંધમાં તેની હાલત લક્ષમાં લેવી જોઇશેઃ-

(૧)	મરામત,

(૨)	મજબૂતી,

(૩)	ભેજ વગરની સ્થિતિ,

(૪)	કુદરતી હવા ઉજાસ,

(૫)	પાણીની સગવડ,

(૬)	ગટર અને સફાઇની સગવડો,

(७) અનાજ ભરવા, ખોરાક તૈયાર કરવા અને રાંધવા માટે અને ગંદા પાણીના નિકાલ માટેની સગવડો, અને સદરહુ બાબતો પૈકી એક અથવા વધુ બાબતમાં મકાન એવી ખામીવાળુ હોય કે, તે હાલતનું મકાન રહેવા માટે વાજબી રીતે યોગ્ય નથી તો તે મકાન ઉપર જણાવ્યા મુજબ અયોગ્ય ગણાશે.

૨. **વ્યાપ્તિ અને આરંભ:-**

આ નીતિ જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીઓ માટે લાગુપાડી શકાશે. જાહેર જમીનો અંતર્ગત સરકારી જમીનો, શહેરી જમીન ટોચ મર્યાદા ધારા અંતર્ગત છુટી કરવામાં આવેલ જમીનો, શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શહેરી વિકાસ સત્તા મંડળો, જાહેર બોર્ડ, સાહસો તેમજ જાહેર સત્તા મંડળોની માલિકીની જમીનો આવરી લેવામાં આવશે. આ નીતિનો વ્યાપ ભવિષ્યમાં અન્ય જમીનો માટે પણ રાજય સરકાર ઠરાવે તે રીતે વધારી શકાશે

૩. રાજય તેમજ શહેર કક્ષાએ સત્તા મંડળની સ્થાપના કરવામાં આવશે.

૩.૧ રાજય કક્ષાએ ઝૂંપડપટ્ટી પુનઃવસન માટેના સત્તામંડળમાં ઓછામાં ઓછા ૧૨ સભ્યોનો સમાવેશ થશે.

૩.૨ રાજય કક્ષાના ઝૂંપડપટ્ટી પુનઃવસન માટેના સત્તામંડળના કાર્યો અને સત્તાઓ;

૩.૨.૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન સાથે સંકળાયેલા પ્રશ્નો અને મુદાઓના સંદર્ભમાં માસ્ટર પ્લાનીંગની પ્રક્રિયા, ટાઉન પ્લાનીંગ તેમજ જમીનના ઉપયોગ સાથે સંકળાયેલી બાબતો નકકી કરવી અને / અથવા માર્ગદર્શન આપવું.

૩.૨.૨ ઝૂંપડપટ્ટી પુનઃવસનના સંદર્ભમાં યોજનાઓ અને કાર્યક્રમોનું ઘડતર કરવું. તેના અમલીકરણનું વિનિયમન કરવું.

૩.૨.૩ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાઓના સંદર્ભમાં તેના ઘડતર અને અમલીકરણ અંગે અર્થઘટન અને મુશ્કેલીઓનું નિવારણ કરવું.

૩.૨.૪ ગુજરાત રાજયના સમગ્ર શહેરી વિસ્તારો માટે નિયત કરેલ સત્તામંડળ તરીકેની સત્તાઓ અને કાર્યો જરૂરિયાત મુજબ કરવા.

૩.૨.૫. રાજયની વિધાનસભા સમક્ષ આ નીતિ અને કાર્યક્રમો અંગેનો વાર્ષિક અહેવાલ રજૂ કરવો.

3.3 મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરી વિકાસ સત્તા મંડળ કક્ષાએ ઝૂંપડપટ્ટીના પુનઃવસન માટે ઓછામાં ઓછા ૮ સભ્યો ધરાવતી સંયુકત નિયત સત્તા મંડળની રચના કરવામાં આવશે તેમજ નગરપાલિકાઓ તેમજ વિસ્તાર વિકાસ સતા મંડળ માટે સંયુકત સતા મંડળની રચના કરવામાં આવશે.

3.3.૧. નિયત સત્તામંડળને સોંપવામાં આવેલી સત્તાઓ, કાર્યો અને જવાબદારીઓ

3.3.૧.૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન માટે શહેરી વિસ્તારોમાં આવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારો અને જમીનોની પ્રાથમિક સ્થિતિનો અભ્યાસ કરવો, ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરનાર કુટુંબોની યાદી બનાવવી અને તેની સમીક્ષા કરવી.

3.3.૧.૨ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલા માનવ વસતીના વસવાટ માટે હાનિકારક હોય તેવા મકાનોને દૂર કરવા.

3.3.૧.3 ઝૂંપડપટ્ટી વિસ્તારોનો પુનઃવિકાસ અને પુનઃવસન કરવું.

3.3.૧.૪ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં તે જ સ્થળે પુનઃવસન માટે યોજનાઓ ઘડવી.

3.3.૧.૫ ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર અધિનિયમ,૧૯૭૩ની કલમ ૫૬ (૧) માં પ્રાપ્ત સત્તા અન્વયે રાજય સરકાર ધ્વારા કલમ (૧૧) મુજબ કોઇ પણ ઝૂંપડપટ્ટી વિસ્તારને ઝૂંપડપટ્ટી નાબૂદી વિસ્તાર જાહેર કરવાની સત્તા સંબંધિત નિયત સત્તામંડળને સોંપવામાં આવશે.

3.3.૧.૬ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાનું અમલીકરણ કરવું.

3.3.૧.૭ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાર્કીંગની વ્યવસ્થા રાખવાની રહેશે.

3.3.૧.૮ ઝૂંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓના એસોસીએશન અથવા સોસાયટીની રચનામાં સહાયક તરીકેની ભૂમિકા ભજવવી.

3.3.૧.૯ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાઓ અને વખતો-વખત નિયત કરવામાં આવે તેવા લાભો અને અમલીકરણના પરિપ્રેક્ષ્યમાં ખાનગી ક્ષેત્ર, ઝૂંપડપટ્ટી વિસ્તારના સમાજ સમુહો અને સ્વયંસેવી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી.

3.3.૧.૧૦ ઝૂંપડપટ્ટી પુનઃવસનના હેતુ માટેની ગૃપ હાઉસીંગ યોજનાઓ / સહકારી હાઉસીંગ યોજનાઓનું અમલીકરણ કરવું.

3.3.૧.૧૧ યોજનાના ઝડપી અમલીકરણ અને તેની કાર્યપ્રણાલીને પૂરક બનવાના હેતુથી સંબંધિત સત્તામંડળના સભ્યશ્રીઓ અને તજજ્ઞોની સેવાઓ લેવા માટે તેઓની સમિતિનું ગઠન કરી શકશે.

3.3.૧.૧૨ સત્તામંડળ તેની પ્રવૃત્તિઓની સંપૂર્ણ વિગતો અને અમલીકરણની સ્થિતિ સાથેનો વિગતવાર વાર્ષિક અહેવાલ તૈયાર કરી રજૂ કરશે.

3.3૧.૧3 નિયત કરવામાં આવે તેવા હિસાબો આ સત્તામંડળ જાળવશે.

3.3.૧.૧૪ ઝૂંપડપટ્ટી પુનઃવસન સંબંધિ વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનો સમયબધ્ધ રીતે, જવાબદારીપૂર્વક, નકકી કરેલ બજેટમાં ગુણવત્તાના ધોરણો જળવાઇ રહે તે હેતુસર અસરકારક નિયમન અને દેખરેખ કરવું.

3.3.૧.૧૫ અધિનિયમની કલમ- ૫૬ (૧) અંતર્ગત પ્રાપ્ત સત્તા અન્વયે કલમ 3 (૧) મુજબ શહેરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટી પુનઃવસનના હેતુસર ઝૂંપડપટ્ટી નિવાસીઓએ કબ્જો કરેલ વિસ્તારને ઝૂંપડપટ્ટી વિસ્તાર તરીકે (ગંદા વસવાટ વિસ્તાર તરીકે) જાહેર કરવાની સત્તા રાજય સરકાર ધ્વારા નિયત સત્તા મંડળને સોંપવામાં આવશે.

૪. **લાભાર્થીઓને મળવાપાત્ર લાભ :-**

૪.૧ આ નીતિ અંતર્ગત લાભાર્થી તરીકે જે કુટુંબો તા.૧-૧૨-૨૦૧૦ના રોજ ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય તેઓને ગણવામાં આવશે. અમલીકરણ એન્જસી ધ્વારા રીહેબીલીટેશન માટે ઇલેકટ્રીસીટી બિલ, મતદાર ઓળખ કાર્ડ, સ્લમ સર્વે અથવા રેશનકાર્ડ આ ચાર પૈકી કોઇ પણ બે માપદંડ આધારે લાભાર્થીઓની યાદી તૈયાર કરવાની રહેશે.

૪.૨ આ નીતિ અંતર્ગત ઝૂંપડપટ્ટીમાં રહેતા લાભાર્થીઓને તેઓના ઝૂંપડાના બદલે મફતમાં ઓછામાં ઓછું ૨૫ ચો.મી. બિલ્ટઅપ એરિયા ધરાવતું બે રુમ, રસોડું, બાથરૂમ તેમજ જાજરુની સગવડવાળુ પાકું મકાન આપવામાં આવશે.

૪.3 લાભાર્થીઓને પીવાના પાણીની-ગટર લાઇનની તેમજ વિજળી કનેકશનની સવલતો આપવામાં આવશે. જેની કાયમી નિભાવણી, જાળવણી અને ચુકવવાપાત્ર ખર્ચની જવાબદારી લાભાર્થીની રહેશે. આ મકાનનો સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો જે ઘરવેરો અને ચુકવવાપાત્ર વેરો આવે તે લાભાર્થીએ નિયમિત ચૂકવવાનો રહેશે.

૪.૪ આવા દરેક ૫૦૦ મકાન દીઠ ઓછામાં ઓછો ૫૦ ચો.મી. વિસ્તાર ધરાવતી આંગણવાડી / હેલ્થ સેન્ટરનો નિયમાનુસાર લાભ આપવામાં આવશે.

૪.૫ લાભાર્થીઓને ૧૫ વર્ષ માટે ફાળવવામાં આવેલ આવાસના લીઝ હોલ્ડ હકક આપવામાં આવશે અને ત્યાર બાદ માલિકી હકક આપવામાં આવશે. પરંતુ જમીનની માલિકી જે તે સ્થાનિક સ્વરાજની સંસ્થા અથવા સત્તા મંડળની રહેશે.

૪.૬ પુનઃવસનના હેતુસર ઝૂંપડપટ્ટીમાં વસતા લાભાર્થીને બે વિકલ્પો આપવામાં આવશે.

૪.૬.૧ હાલની જગ્યાએજ ( In – Situ) ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનામાં મકાન મેળવવાના વિકલ્પો પ્રથમ તેમજ પસંદગી પાત્ર ગણવામાં આવશે.

૪.૬.૨ ફકત અપવાદરૂપ કિસ્સામાં જો કોઇ લાભાર્થી ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાના ભાગરૂપે ઉપરોકત વિલ્કપને બદલે અન્ય કોઇ પણ ખાનગી પરવડે તેવી આવાસ યોજનામાં નિયત કરેલ લઘુત્તમ માપદંડો પ્રમાણેનું મકાન મેળવવા પોતાની ઇચ્છા અને લેખિત સંમતિથી વાજબી કારણો સાથે સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં રજૂઆત કરે અને તેની રજૂઆત માન્ય રહેથી આ વિકલ્પ મુજબ મકાન પુરૂં પાડવા સુધીની વ્યવસ્થા પસંદગી પામેલ વિકાસકારે જ કરવાની રહેશે.

૪.૭ ફાળવાયેલ આવાસનું સ્ટેમ્પ ડયુટી રજિસ્ટ્રેશન રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે.

૪.૮ પાત્ર લાભાર્થી ઝૂંપડપટ્ટીમાં દુકાન ધરાવતા હશે તો પુનઃવસન યોજના અંતર્ગત લઘુત્તમ ૧૫ ચો.મી. ધરાવતી દુકાન મેળવવા તેઓ પાત્ર બનશે.

૫. જાહેર જમીનો પર આવેલ ઝૂંપડપટ્ટીનું પુનઃવસન કરવા જાહેર ખાનગી ભાગીદારીથી કરવામાં આવશે તેમજ ઝૂંપડપટ્ટી પુનઃવસન માટે આવી જાહેર ખાનગી ભાગીદારી આ નીતિનું મુખ્ય કેન્દ્રબિંદુ છે.

૫.૧ જાહેર સંસ્થાઓ તેમજ ખાનગી વિકાસકારોના કાર્યો અને ફરજો.

૫.૧.૧ રાજયકક્ષાની ઝૂંપડપટ્ટીના પુનઃવસન માટેની નિયત સત્તા મંડળ ધ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવશે.

(અ) આ સત્તા મંડળ ધ્વારા નિયમનકર્તા, મદદકર્તા અને સંભવકર્તા તરીકે કામગીરી કરવામાં આવશે.

(બ) આ નીતિના અમલ માટે જરૂરી સંસ્થાગત માળખાનું ઘડતર કરવું.

(ક) આ નીતિનું અર્થઘટન તેમજ અમલીકરણમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટેની કામગીરી કરવી.

(ડ) આ નીતિ અંતર્ગત ઝૂંપડપટ્ટી પુનઃવસનનું આયોજન તેમજ દેખરેખની કામગીરી કરવી.

૫.૧.૨ નિયત સત્તા મંડળના કાર્યો અને ફરજો નીચે મુજબના રહેશે.

(અ) ઝૂંપડપટ્ટીના તે જ સ્થળે પુનઃવસનની યોજના બનાવવી.

(બ) ઝૂંપડપટ્ટીમાં ૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ રહેતા કુટુંબોની યાદી બનાવવી.

(ક) આ યોજનાના માર્ગદર્શક માપદંડો નિયત કરવા.

(ડ) જાહેર અને પારદર્શક બીડીંગ પધ્ધતિથી ખાનગી વિકાસકારોનનું ચયન કરવું.

(ઇ) જરૂરી કાયદાકીય (સ્ટેચ્યુટરી કલીઅરન્સ) મંજૂરી આપવી.

(ફ) ઝૂંપડપટ્ટીનું તે જ સ્થળે પુનઃવસન માટે જગ્યા ખાલી કરવા ખાનગી વિકાસકારોને મદદરૂપ થવું.

(ગ) પાયાની જરૂરિયાતો માટે મુખ્ય બાહય આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

(હ) ખાનગી વિકાસકાર સાથે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટે. કન્સેશન એગ્રીમેન્ટ કરવું. આ એગ્રીમેન્ટમાં ખાનગી વિકાસકારને આપવામાં આવનાર પ્રોત્સાહનો, છૂટછાટ અને બન્ને પક્ષના કાર્યો અને ફરજો આવરી લેવાના રહેશે. આ ઉપરાંત આમુખમાં દર્શાવેલ કોઇ પણ ધ્યેય સિધ્ધિનો ભંગ થયેથી નિયત પ્રક્રિયા મુજબ એગ્રીમેન્ટ રદ કરવાની જોગવાઇ પણ રાખવાની રહેશે.

**૫.૧.૩ ખાનગી વિકાસકારોના કાર્યો અને ફરજો.**

**૫.૧.૩.૧** ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટેના વિગતવાર આર્કિટેકચરલ તેમજ સ્ટ્રકચરલ ડ્રોઇંગ અને ડીઝાઇન તેમજ આવાસની ડીઝાઇન અને યોજનાનું માળખું તૈયાર કરવું.

**૫.૧.૩.૨** ઝૂંપડપટ્ટી પુનઃવસન માટે જરૂરી નાણાકીય ભંડોળની વ્યવસ્થા કરવી.

**૫.૧.૩.૩** ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાની મંજૂરી જરૂરી નિયત સત્તાધિકારી પાસેથી મેળવવી.

**૫.૧.૩.૪** ઝૂંપડપટ્ટીનું તે જ સ્થળે પુનર્વસન કરવા સ્થળ ખાલી કરાવવું.

**૫.૧.૩.૫** ઝૂંપડપટ્ટી પુનઃવસનની મંજૂર થયેલ યોજનાના અમલીકરણ દરમ્યાન આ યોજનાના લાભાર્થીઓને અન્ય સ્થળે રહેવાની વ્યવસ્થા કરવા તેમજ યોજના પૂર્ણ

થયેથી તેઓને તે જ સ્થળે યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ આવાસોમાં વસાવવાના રહેશે.

૫.૧.૩.૬ ઝૂંપડપટ્ટી પુનઃ વિકાસ કરવાની જવાબદારી ખાનગી વિકાસકારની રહેશે.

૫.૧.૩.૭ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસોની નિયત સત્તા મંડળની દેખરેખ અંતર્ગત લાભાર્થીઓની ઉપસ્થિતીમાં કોમ્પ્યુટર ડ્રો કરી ફાળવણી કરવી.

૫.૧.૩.૮ લાભાર્થીઓને આવાસ ઉપરાંત યોજના અંતર્ગત પાયાની સુવિધાઓ પૂરી પાડવી.

૫.૧.૩.૯ યોજનાના લાભાર્થીઓનું યોજનાની જાળવણી માટે એસોસીએશન બનાવવું.

૫.૧.૩.૧૦ યોજનાની જાળવણી માટે બાંધકામના પ્રતિ ચો.મી. રૂા. ૨૫૦/-નું ભંડોળ ઉભું કરી લાભાર્થીઓના એસોસીએશનને અથવા નિયત સત્તામંડળને તબદીલ કરવું.

**૫.૧.૩.૧૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટે પસંદગી કરવામાં આવેલ વિકાસકારની defect liability period ૭ વર્ષનો રહેશે.**

૬. નિયત સત્તા મંડળ ધ્વારા ખાનગી વિકાસકારને નીચે મુજબના પ્રોત્સાહન આપવામાં આવશે.

૬.૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન માટેની જમીન પર ફકત વિકાસ કરવાના હેતુસર મહત્તમ ૩ FSI આપવામાં આવશે.

૬.૨ જો ઝૂંપડપટ્ટીનું તે જ સ્થળે પુનઃવસન કર્યા બાદ ખાલી જમીન બચે તો તે ખાનગી વિકાસકાર ખાલી જમીન પર ફ્રી સેલ માટે હયાત નિયમાનુસાર વિકાસ કરી શકશે.

૬.૩ ખાનગી વિકાસકારોને ઝૂંપડપટ્ટીની જમીન પર નીચે મુજબના બે હકકો આપવામાં આવશે.

(૧) આ નીતિ અંતર્ગત નિયત કરેલ વિકાસના હકકો

(૨) ઝૂંપડપટ્ટી પુનઃવસન કર્યા બાદ જે જમીન ખાલી પડે તેને પોતાના નફા માટે વિકાસ કરવા ફ્રી હોલ્ડ હકકો.

૬.૪ ફકત ઝૂંપડપટ્ટી પુનઃવસન માટે લાગુ પડતા મ્યુનિસિપલ તેમજ મહેસુલી ચાર્જીસમાંથી ખાનગી વિકાસકારને મુકિત આપવામાં આવશે, પરંતુ ઝૂંપડપટ્ટી પુનઃવસન બાદ બાકી રહેતી જમીન પર પોતાના નફા માટે કરવામાં આવેલ વિકાસ માટે લાગુ પડતા બધા જ મ્યુનિસિપલ તેમજ મહેસુલી ચાર્જીસ ખાનગી વિકાસકાર ધ્વારા ભરવાના રહેશે.

૬.૫ ફકત ઝૂંપડપટ્ટીના તે જ સ્થળ પુનઃવસન માટે બાંધકામ માટેના પેટા નિયમોમાં આપવામાં આવેલ છુટછાટ રીસટ્રીકટેડ વિસ્તાર સિવાયના દરેક વિસ્તારમાં લાગુ પડશે.

૭. નિયત સત્તા મંડળ ધ્વારા ખાનગી વિકાસકારોની પસંદગી નીચે દર્શાવ્યા મુજબની જાહેર અને પારદર્શક પધ્ધતિથી કરવામાં આવશે.

૭.૧ ખાનગી વિકાસકારોની પસંદગી જાહેર અને પારદર્શક ટેન્ડર પધ્ધતિ ધ્વારા કરવામાં આવશે અને આ માટેનું મોડલ ટેન્ડર રાજય કક્ષાની સત્તા મંડળ ધ્વારા આપવામાં આવશે.

૭.૨ પ્રચલિત બે બીડ પધ્ધતિ મુજબ ઝૂંપડપટ્ટી પુનઃવસન કરવા ઇચ્છુક વિકાસકારોનો નિયત તાંત્રીક માપદંડ અનુસાર તારવવામાં આવશે. તાંત્રીક માપદંડ મુજબ તારવેલ ખાનગી વિકાસકારો પાસેથી ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટેની કિંમત મેળવવામાં આવશે. જે ખાનગી વિકાસકાર સૌથી ઓછી કિંમતની બોલી રજુ કરે તેની પસંદગી આખરી કરવામાં આવશે. નિયત સત્તા મંડળ ધ્વારા આ કિંમતની ભરપાઇ તબદીલીપાત્ર વિકાસના હકકો ધ્વારા કરવામાં આવશે.

૭.3 ખાનગી વિકાસકારો ધ્વારા નાણાકીય બીડ નીચે મુજબ આપવામાં આવશે.

૭.3.૧. પ્રથમ ઝૂંપડપટ્ટી પુનઃવસનની સંપૂર્ણ યોજના માટેની કુલ કિંમતની વિકાસકારો ધ્વારા ગણતરી કરવામાં આવશે. જેમાં બાંધકામની કિંમત, ટ્રાન્ઝીટ એકોમોડેશનમાં થનાર ખર્ચનો અંદાજ, અન્ય રીસ્ક ફેકટર ઉમેરીને થનાર કુલ ખર્ચની ગણતરી કરવામાં આવશે.

૭.૩.૨. ઝૂંપડપટ્ટી પુનઃ વસન કર્યા બાદ જો કોઇ જમીન ખુલ્લી થવાનો વિકાસકારને અંદાજ હોય તો તે જમીનનો ઉપયોગ અથવા નિકાલ પોતાની રીતે કરી શકશે તે ધ્યાને લઇ પુનઃવસન માટે થનાર કુલ ખર્ચમાંથી તે જમીનની પોતાની અંદાજિત રકમ પોતાની રીતે બાદ કરી, ચોખ્ખી કેટલી રકમ પુનઃવસન માટે સત્તા મંડળને આપશે અથવા સત્તામંડળ પાસેથી મેળવવાની અપેક્ષા રાખે છે તે બીડીંગ માટેનો મુખ્ય ક્રાઇટેરીયા રહેશે.

૭.૩.૪. જે કિસ્સામાં પસંદ થયેલ વિકાસકારે નિયત સત્તા મંડળ પાસેથી રકમ લેવાની થાય તે કિસ્સામાં વિકાસકારની નિશ્ચિત થયેલ બીડની રકમની કિંમતના તબદીલીપાત્ર વિકાસના હકકો નિયત સત્તા મંડળ ધ્વારા આપવામાં આવશે.

૭.૪ પ્રોજેકટ મંજુર થયેથી નિયત સત્તા મંડળ ધ્વારા ગુણવત્તા તપાસવા તટસ્થ નિરીક્ષક (કન્સલટન્ટ)ની નિમણૂક કરવામાં આવશે.

૭.૫ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટે હાલમાં ઉપયોગમાં લેવામાં આવતી ગુણવત્તાયુકત, ઝડપી, ટકાઉ અને જાળવણી અને નિભાવણીના ઓછા ખર્ચવાળા બાંધકામ' મટીરીયલ/ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાશે. આ માટે ટેકનોલોજી સંબંધિ સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, મટીરીયલ ટેસ્ટીંગ તેમજ ઓકયુપન્સી માટેના જરૂરી પ્રમાણપત્ર મેળવવાના રહેશે અને સ્ટ્રકચરલ સેફટી માટે

બાંધકામ પ્રવર્તમાન (Prevalent) GDCR મુજબ તેમજ મકાનની બાહ્ય દિવાલો **નેશનલ** બિલ્ડીંગ કોડ (NBC) મુજબ થાય તે જોવાનું રહેશે.

**૮. તબદીલીપાત્ર વિકાસના હકકો.**

૮.૧ તબદીલીપાત્ર વિકાસના હકકો એટલે એક જમીન પરથી વિકાસના હકકો બીજી જમીન પર તબદીલ/વેપાર/વેચાણ કરવાની મંજૂરી. આવા હકકો શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અથવા સત્તા મંડળ ધ્વારા સમય મર્યાદા તેમજ રકમ દર્શાવતા પ્રમાણપત્ર રૂપે આપવામાં આવશે. આવા હકકો બાંધકામના પેટા નિયમો અથવા રાજય સરકાર ધ્વારા વખતોવખત આ સંબંધમાં કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ કરવામાં આવશે.

૮.૨ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટે પસંદ થયેલ વિકાસકાર ધ્વારા ભરવામાં આવેલ કિંમત જેટલી કિંમતના તબદીલીપાત્ર વિકાસ હકકો નિયત સત્તા મંડળ ધ્વારા તે વિકાસકારોને આપવામાં આવશે. આવા તબદીલીપાત્ર હકકોનો ઉપયોગ “રીસ્ટ્રીકટેડ ઝોન” સિવાયના કોઇ પણ ઝોનમાં કરી શકાશે. જેમાં રાજયની હોટલો અને હોસ્પિટલો તેમજ ટાઉનશીપ પોલિસી અંતર્ગત મંજુર થયેલ યોજનામાં તબદીલ કરી શકાશે.

૮.3 વિકાસના હકકોની તબદીલી જે તે વિકાસ યોજનાના (Development Plan) વિસ્તાર અંતર્ગત કરી શકાશે.

૮.૪ જે પ્રાપ્તકર્તા જમીનો ૧૮ મીટર કે તેનાથી વધારે પહોળાઇ ધરાવતા રસ્તા પર આવેલ હોય તે જમીનો પર ૭૦ મીટરસુધીના બાંધકામની ઉંચાઇ મળવાપાત્ર થશે.

૮.૫ પેરા-૮.૪માં દર્શાવેલ બાંધકામની ઉંચાઇ મેળવવા તે ઝોનમાં મળવાપાત્ર મફત FSI ઉપરાંત જેટલી FSI ની જરૂર રહે તેટલી મર્યાદામાં તબદીલીપાત્ર વિકાસના હકકો પ્રાપ્તકર્તા જમીન પર તબદીલ કરી શકાશે.

૮.૬ પ્રાપ્તકર્તા જમીનના વિસ્તારમાં મળવાપાત્ર ચાર્જેબલ FSI ના દર સામે તબદીલીપાત્ર વિકાસ હકકો સરભર કરી શકાશે.

૮.૭ કુલ ( મફત + ચાર્જેબલ) મળવાપાત્ર FSI થી વધારાની FSIની જરૂરિયાત પ્રાપ્તકર્તા જમીન પર રહે તો બાકી બચેલ તબદીલીપાત્ર વિકાસના હકકોની તબદીલી તે પ્રાપ્તકર્તા જમીનની પ્રવર્તમાન (Prevalent) જન્ત્રી ભાવ પ્રમાણે પ્રો રેટા કરી શકાશે. આવી પ્રો રેટા તબદીલી માટે મૂળ TDRની યુનિટ વેલ્યુ = (મંજૂર બિડની કુલ રકમ / કુલ બાંધકામ) મુજબ ગણવાની રહેશે. વિકાસના હકકો તબદીલ કરવાના હેતુસરજે તે ઝૂંપડપટ્ટી પુનઃવસન

યોજના માટે ભરવામાં આવેલ ભાવોની તારીખના રોજની જંત્રી કિંમત ફિઝ કરવામાં આવશે.

૮.૮ સામાન્યતઃ તબદીલીપાત્ર વિકાસના હકકોને સંપૂર્ણપણે અથવા ટુકડાઓમાં એક વાર તબદીલ કરી શકાશે.

૮.૯ આવા તબદીલીપાત્ર વિકાસના હકકો ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના માટે વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી વધુમાં વધુ ૭ વર્ષમાં વાપરી લેવાના રહેશે.

૮.૧૦ તબદીલીપાત્ર વિકાસના હકકો ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના અંતર્ગત બાંધકામ પૂર્ણ થયેલ ૫૦ આવાસોના ગુણાંકના ભાગમાં આપી શકાશે. તબદીલીપાત્ર વિકાસ હકકોનો છેલ્લો ભાગ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મળ્યેથી જ આપી શકાશે.

૮.૧૧ ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના પૂર્ણ થયેથી નિયત સત્તા મંડળ ધ્વારા યોજના પૂર્ણ થયાનું પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્ર ખાનગી વિકાસકારો ધ્વારા યોજનાના દરેક લાભાર્થીને આવાસ ફાળવી તેના રજીસ્ટ્રેશનદસ્તાવેજ રજૂ કર્યેથી તેમજ મકાન વપરાશનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી આપવામાં આવશે.

૮.૧૨ તબદીલી પાત્ર વિકાસ હકકોની તબદીલી પર સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત આપવામાં આવશે.

## ૯. ઝૂંપડાવાસીઓની ભાગીદારી

૯.૧ પસંદ થયેલા વિકાસકાર ધ્વારા યોજનાનું અસરકારક આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાના અમલીકરણના દરેક તબકકે ઝૂંપડપટ્ટીમાં વસતા સમુદાયોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. વિકાસકાર ધ્વારા સરળ પુનઃવસન માટે ઝૂંપડપટ્ટીમાં વસતા કુટુંબોના સમુહોની વિકાસ પ્રક્રિયામાં ભાગીદારી વધે તે હેતુથી સ્વંયસેવી સંસ્થાઓ / કોમ્યુનીટી બેઝડ ઓર્ગેનાઇઝેશનની મદદ લઇ શકાશે. લોક ભાગીદારી નીચે મુજબ મેળવવાની રહેશે.

૯.૧.૧. ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાનું આયોજન કરવું, નકશાઓ તૈયાર કરવા, સર્વે, નામાંકન અને ડેટાબેઇઝ તૈયાર કરવામાં સહકાર મેળવવાનો રહેશે.

૯.૧.૨. ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાનું સુક્ષ્મ આયોજન તેઓના સહકારથી કરવાનું રહેશે.

૯.૧.3 ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાના અમલીકરણ, મરામત અને જાળવણી ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના કક્ષાએ એસોસીએશન ગઠન કરી શકાશે.

૯.૧.૪ ઝૂંપડપટ્ટી પુનઃવસનની યોજનામાં લાભાર્થીઓ જયારે તેમના નવા આવાસમાં નિવાસ માટે જાય ત્યારે શહેરી વ્યવસ્થામાં સુધરેલી અને જવાબદારીપૂર્ણ જીવનશૈલી અપનાવે તેની

કાળજી બિન સરકારી સંગઠનો / કોમ્યુનીટી બેઇઝ ઓર્ગેનાઇઝેશનની મદદ લઇ ખાનગી વિકાસકારે કરવાની રહેશે.

૧૦. આવાસોની ફાળવણી

૧૦.૧ નિયત સત્તામંડળની દેખરેખ હેઠળ પસંદ થયેલા વિકાસકારે ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજના હેઠળ બનાવેલ મકાનોની ફાળવણી લાયકાત ધરાવતા ઝૂંપડપટ્ટી નિવાસીને તેમની ઉપસ્થિતીમાં કોમ્પ્યુટરાઇઝડ ડ્રો ધ્વારા ફાળવવાના રહેશે.

૧૦.૨ ફાળવવામાં આવેલ આવાસનો માલિકી હકક યથાપ્રસંગે પત્નિ- પતિના સંયુકત નામે રહેશે અને તે મુજબ સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રેશન અને પ્રોપર્ટી કાર્ડ નિભાવવામાં આવશે.

૧૦.3 જમીનની માલિકી નિયત કરવામાં આવેલ સત્તામંડળ/ શહેરી સ્થાનિક સંસ્થાઓની જ રહેશે.

૧૦.૪ નિયત સત્તામંડળ ધ્વારા ઝૂંપડપટ્ટી પુનઃવસન યોજનાનું કામ પૂર્ણ થયાનું પ્રમાણપત્ર આપવામાં આવે ત્યારબાદ વિકાસકારે તેની મરામત અને જાળવણી અંગેની કામગીરી ઝૂંપડપટ્ટીમાં વસતા લોકોના સમૂહ / એસોસીએશનને અથવા નિયત સત્તામંડળને સોંપી દેવાની રહેશે.

૧૧. **ઝૂંપડપટ્ટીનું તે જ સ્થળે પુનઃવસવાટની યોજના માટે બાંધકામના પેટા-નિયમોમાં નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.**

૧૧.૧ આવાસની લંબાઇ જરૂરિયાત મુજબ Expansion Joint સાથે સુસંગત રહેશે.

૧૧.૨ ઝૂંપડપટ્ટીના પુનઃવસન માટેની યોજનામાં માર્જીનની જગ્યા છોડીને બાકી જગ્યાનો યોજના માટે ઉપયોગ કરી શકાશે.

૧૧.3 ઝૂંપડપટ્ટી પુનઃવસનના હેતુ માટે નીચે મુજબનો માર્જીન લાગુ પડશે.

રસ્તા પર આવેલા પ્લોટ માટે નીચે મુજબનો માર્જીન આપવામાં આવશે.

| રસ્તાની પહોળાઇ | રસ્તા સાઇડ માર્જીન | બિલ્ડીંગની ઉંચાઇ | રસ્તાની સાઇડ સિવાયનું માર્જીન |
|---|---|---|---|
| ૯ મીટર સુધી | ૩.૦ | ૧૦.૦ મીટર સિલ્ટ સહિત | ૨.૫ મીટર |
| ૯ અને ૯ થી ૧૨ મીટર | ૪.૫ | ૧૫.૦ મીટર સિલ્ટ સહિત | ૩.૦ મીટર |

| | | | |
|---|---|---|---|
| ૧૨ અને ૧૨ થી ૧૮ મીટર | ૬.૦ | ૧૫ મીટર | ૩.૦ મીટર |
| ૧૮ અને ૧૮ થી ૩૦ મીટર | ૭.૫ | ૧૫ થી ૨૫ મીટર | ૪.૦ મીટર |
| ૩૦ અને ૩૦ થી ૪૦ મીટર | ૯.૦ | ૨૫ થી ૪૫ મીટર | ૬.૦ મીટર |
| ૪૦ અને ૪૦ મીટર થી વધુ . | ૧૨.૦૦ | ૪૫ થી ૭૦ મીટર | ૮.૦ મીટર |

૧૧.૪ કોમન પ્લોટ થી બિલ્ડીંગ સુધીના માર્જીનમાં છૂટછાટ આપવામાં આવશે. પ્રવર્તમાન નિયમો મુજબ ૨૫ મીટર, અને ૨૫ મીટર કરતા વધુ ઉંચાઇ ધરાવતા બિલ્ડીંગમાં ૩ મીટર અને ૬ મીટરનો માર્જીન જરૂરી છે. કેસના સંજોગોને ધ્યાનમાં લઇ, ૨૫ મીટર સુધીની ઉંચાઇ ધરાવતા બિલ્ડીંગો માટે ૨.૦૦ મીટરના માર્જીનની મંજૂરી આપવામાં આવશે.

૧૧.૫ (૧) ૩૦ Dweling યુનિટ સુધી કોઇ લીફ્ટ રાખવાની રહેતી નથી. પરંતુ ૩૦ યુનિટ કરતાં યુનિટ વધે તો દર ૩૦ યુનિટ (Or Part) પ્રમાણે વધારાની લીફ્ટ રાખવાની રહેશે.

(૨) ઉપરોકત (૧) સિવાય ૨૫ મીટર કરતાં બાંધકામની ઉંચાઇ વધે તો એક સિવાય વધારાની લીફ્ટ રાખવાની રહેશે.

૧૧.૬ લઘુત્તમ ૨૦૦ ચો.મી. અથવા બિલ્ડીંગ યુનિટનો ૮ ટકા વિસ્તાર બેમાંથી જે વધારે હોય તે કોમન પ્લોટ માટે ફાળવવાનો રહેશે.

૧૧.૭ ઝૂંપડપટ્ટી પુનઃવસનના પ્લોટ પર પુનઃવસન બાદ વધતી જમીન અલગ પ્લોટ તરીકે ગણી ઉપર નિયમાનુસાર સંબંધિત ઝોનમાં મળવાપાત્ર ઉંચાઇને બદલે પ્રવર્તમાન જી.ડી.સી.આર. મુજબ ૭૦ મીટર સુધીની ઉંચાઇને પ્રાપ્તકર્તા જમીન માટેની રોડની પહોળાઇ તેમજ માર્જીન જેવા પરિમાણો ધ્યાને લઇને મંજૂરી આપવામાં આવશે.

૧૧.૮ ૯.૦ મીટર કે તેનાથી ઓછી પહોળાઇના રસ્તા પર G + 3 પ્રકારના મકાનો બનાવવાના રહેશે. ૯.૦ થી ૧૮.૦ મીટર પહોળાઇના રસ્તા પર G +૫ પ્રકારના મકાનો, ૧૮.૦ મીટર થી વધુ પહોળા રસ્તા પર પ્રવર્તમાન ( Prevalent) GDCR મુજબની ઉંચાઇવાળા મકાનો બનાવી શકાશે તેમાં લીફ્ટની મરામત અને નિભાવણીની જવાબદારી ૭ વર્ષ

સુધી જે તે વિકાસકારની રહેશે. ત્યારબાદ આ અંગેનું જરૂરી ભંડોળ સંબંધિત સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં વિકાસકાર ધ્વારા જમા કરાવવાનું રહેશે.

**૧૨. પ્રાપ્તકર્તા જમીન માટે બાંધકામના પેટા-નિયમોમાં નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.**

૧૨.૧ Restricted વિસ્તાર સિવાયના બધા જ વિસ્તારમાં વિકાસ હકકોની તબદીલીની મંજૂરી આપવામાં આવશે. વિકાસ હકકોની તબદીલી રાજય સરકારની હોટલ એન્ડ હોસ્પિટલ પોલીસી તેમજ ટાઉનશીપ પોલીસી અંતર્ગત મંજૂર થયેલ દરખાસ્તોમાં પણ કરી શકાશે.

૧૨.૨ જો રસ્તાની પહોળાઇ ૧૮ મીટર અથવા વધુ હોય તો ૭૦ મીટર સુધીની બિલ્ડીંગની ઉંચાઇને મંજૂરી આપવામાં આવશે.

૧૨.૩ ગ્રાઉન્ડ કવરેજઃ- માર્જીનની જગ્યા બાદ કર્યા બાદ પ્લોટનો વિસ્તાર
માર્જીન- AUDA ના DP- 2021 માં સૂચવેલ નિયમો મુજબના માર્જીન રાખવાના રહેશે.

૧૨.૪ રાજયના શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી પુનઃવસન, પુનઃવસન બાદ વધતી જમીન તેમજ પ્રાપ્તકર્તા જમીન પર ઔડાના ડેવલપમેન્ટ પ્લાન-૨૦૨૧ મુજબની ઉપર જણાવ્યા સિવાયની અન્ય જોગવાઇઓ લાગુ પડશે.

આ અંગે વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા ૬/૭/૨૦૧૩ની નોંધથી મળેલ સમંતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે તથા તેમના હુકમથી

ઉમા વ્યાસ

( ઉમા વ્યાસ )

સેકશન અધિકારી

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

<u>નકલ રવાનાઃ</u>

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, (પત્ર ધ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ (તમામ) , સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (ના.વિ.), ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શ.વિ.) ના અંગત સચિવશ્રી,શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રીના અંગત સચિવશ્રી,જી.યુ.ડી.એમ. ગાંધીનગર.
- સચિવશ્રી(હાઉસીંગ)ના અંગત સચિવશ્રી શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(હા.),શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય,ગાંધીનગર
- ઉપ સચિવશ્રી (હા.) શ.વિ. અને શ.ગૃ.નિ.વિ.,સચિવાલય,ગાંધીનગર
- હાઉસીંગ કમિશ્નરશ્રી,ગુ.હા.બોર્ડ, અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાઓ (તમામ)
- નિયામકશ્રી,નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (તમામ)
- એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી (તમામ)
- ટીમ લીડર,જી.યુ.ડી.એમ., ગાંધીનગર.
- સીલેકટર ફાઇલ